પ્રાઈઝ બેન્ડ ૨૦૭ થી ૨૧૦

# ઉજ્જીવન ફાઈનાન્શિયલનો આઈપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલશે




અમદાવાદ તા.૨૫

ઉજ્જીવન ફાઈનાન્શિયલ સર્વિસસી લિમિટેડ (યુએફએસ અથવા કંપની) નોન બેન્કીંગ ફાઈનાન્શિયલ કંપની માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યુશન (એનબીએફસી-એમએફઆઈ) છે, જેણે ૨૦૦૫માં નોન બેન્કીંગ ફાઈનાન્શિયલ કંપની (એનબીએફસી) તરીકે કામગીરી શરૂ કરી હતી. ૩૧ ડિસેમ્બર-૨૦૧૫ સુધી યુએફએસ ૪૭૦ શાખાઓ અને ૭૮૯૨ કર્મચારીઓના નેટવર્ક મારફતે ૨૪ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૭.૭ લાખ સક્રિય ગ્રાહકોને સવા આપતી હતી. કંપનીનો આઈપીઓ ૨૮ એપ્રિલ, ૨૦૧૬ના રોજ ખુલશે અને ૦૨ મે, ૨૦૧૬ના રોજ બંધ થશે. તેની પ્રાઈઝ બેન્ડ ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર દીઠ ૨૦૭ થી ૨૧૦ છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફરનો સમયગાળો બિડ/ઓફર ઓપનિંગની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૨૭ એપ્રિલ,૨૦૧૬ના રોજ રહેશે.

આઈપીઓમાં કંપનીના કુલ ૩૫૮૧.૬૧ મિલિયનના નવા ઈક્વિટી શેર ઈશ્યુ થશે અને એલીવર, એફએમઓ, આઈએફસી, આઈએફ આઈએફ, એમયુસી, સર્વ કેપીટલ, ડબલ્યુસીપી અને ડબલ્યુડબલ્યુબી દ્વારા ૨૪,૯૬૮,૩૩૨ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) ઈશ્યુ થશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપનીએ કુલ ૨,૯૧૮.૩૯ મિલિયનનું મૂલ્ય ધરાવતા ૧૪,૨૩૬,૦૫૭ ઈક્વિટી શેરનુ પ્રી-આઈપીઓ પ્લેસમેન્ટ પૂર્ણ કર્યુ છે. બુક બિલ્ડીંગ પ્રોસેસ મારફતે કરવામાં આવેલી ઓફરમાં ૫૦ ટકા હિસ્સો પ્રમાણસર આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (ક્યુઆઈબી પોર્શન) ને ફાળવવામાં આવશે. બીઆર એલએમ સાથે પરામર્શમાં કંપની અને વિક્રેતા શેરધારકો વિવેકને આધારે એન્કર રોકારણકારો એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈસ પર ક્યુઆઈબી પોર્શનને ૬૦ ટકા સુધીનો હિસ્સો ફાળવી શકે છે.

ઉપરાંત સેબી આઈસીડીઆર નિયમોને અનુરૂપ ઓફરનો ૧૫ ટકાથી ઓછો હિસ્સો પ્રમાણસર આધારે બિનસંસ્થાગત બિડર્સને અને ઓફરનો ૩૫ ટકાથી ઓછો હીસ્સો રીટેલ વ્યક્તિગત બિડર્સને ફાળવવામાં આવશે. જે ઓફર કિંમત કે તેનાથી વધારે કિંમતે પ્રાપ્ત થયેલી માન્ય બિડને આધિન છે. તમામ સંભવિત બિડર્સ (એન્કર ઈન્વેસ્ટર્સ સિવાય) એપ્લિકેશન સપોર્ટેડ બાય બ્લોક એમાઉન્ટ (એએસબીએ) પ્રોસેસ મારફતે ઓફરમાં ફરજીયાત છે.

કોઈપણ બિડર, જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીત કે સગાસંબંધીઓ સાથે, કે સહભાગી ઉધોગ સાહસો સાથે કે તેની સાથે સંકળાયેલી વ્યક્તિઓના સામૂહિક કાર્ય સાથે (બેંકિંગ નિયમન ધારની કલમ ૧૨બીમાં જણાવ્યા મુજબ) (અન્ય વ્યક્તિઓ) ઈક્વિટી શેરની આ સંખ્યા માટે બિડ્સ જે (આ પ્રકારના બિડરની કંપની અને આ પ્રકારના બિડર સાથે સંકળાયેલી અન્ય વ્યક્તિઓના કુલ હિસ્સા સાથે) આ પ્રકારના બિડર સાથ સંકળાયેલી અન્ય વ્યક્તિઓ સાથે સંયુક્તપણે કંપનીના ઓફર પછી ચૂકવાયેલી મૂડીના ૫ ટકાથી વધારે હિસ્સાની ખરીદી અને તેની જાળવણી માટે, તેમના વર્તમાન હિસ્સાનો વિચાર કર્યા પછી આરબીઆઈની મંજૂરી લેવી પડશે, જેમાં તેઓ કંપનીમાં આ પ્રકારના બિડર સાથે સંકળાયેલી અન્ય વ્યક્તિઓ સાથે, વ્યક્તિગત રીતે કે આ પ્રકારના બિડર સાથે અન્ય વ્યક્તિઓ સાથે સંયુક્તપણે ઓફર પછી ચૂકવાયેલી અમારી કંપનીનો મૂડીનો ૫ ટકા કે વધારે હિસ્સો કુલ આધાર ધરાવે છે કે નહીં તે ચકાસવામાં આવશે. કંપની નવા ઈશ્યુ કરેલા શેરમાંથી જે આવક થશે તેના ઉપયોગ તેનો મૂડીગત આધાર વધારવા માટેની યોજના ધરાવે છે.

ઓફરના બીઆરએલએમ કોટક મહિન્દ્ર કેપિટલ કંપની લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સીક્યોરીટીઝ લિમિટેડ અને આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડ છે, જયારે કાર્વી કમ્પ્યુટરશેર પ્રાઈવેટ લિમિટેડ ઓફરન રજિસ્ટ્રાર છે.

કંપનીના ઈક્વિટી શેરનું લિસ્ટીંગ બીએસઈ અને એનએસઈ પર થશે.